**Paper Code - 3537**

# B.A. Semester-III (ECONOMICS)
# July-September-2021
# CC 305 : Economic System-I

**કુલ સમય :– ૬૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

1. આર્થિક વર્તન વ્યવહાર નક્કી કરવા ઘડાયેલ કાયદેસર નું માળખું વ્યવસ્થા ........ કહેવાય છે.
   (A) સામાજિક પધ્ધતિ (B)રાજકીય પધ્ધતિ (C)આર્થિક પધ્ધતિ (D) ઉપરનાં તમામ
2. કઈ આર્થિકપધ્ધતિને કુદરતી અને સૌથી જૂની આર્થિકપધ્ધતિકહે છે ?
   (A) મૂડીવાદ (B)સમાજવાદ (C)મિશ્રઅર્થતંત્ર (D) ઉપરનામાંથી એક પણ નહીં
3. માનવ જરૂરિયાતો કેવી છે ?
   (A) અમર્યાદિત (B)મર્યાદિત (C)અલ્પ (D) ઉપરનામાંથી એક પણ નહીં
4. કોના મતે 'આર્થિકપધ્ધતિએ એવી રીત રસમોનો સમુહ છે. જે પોતાના આંતરસબંધો દ્વારા કોઇ આર્થિક પસંદગીને અસરકારક બનાવે છે.'
   (A) પ્રો.માર્શલ (B)પ્રો.ડબલ્યુ. જે. લુકસ (C) પ્રો.એડમ સ્મિથ (D)પ્રો.જે.એસ.પ્રાબ્લા
5. કોને મતે 'રાષ્ટ્રોમાં પ્રર્વતતી અનેકવિધઆર્થિક સંસ્થાઓ કે જેના દ્વારા જરૂરિયાતો સંતોષવામાં આવે છે તેનેઆર્થિકપધ્ધતિ કહેવામાં આવે છે ?
   (A) પ્રો.ડબલ્યુ. જે. લુકસ (B) પ્રો.રોબિન્સ (C)પ્રો. જી. પી. એડમ્સ (D) પ્રો.જે.એસ.પ્રાબ્લા
6. નીચેનામાંથી કયું આર્થિકપધ્ધતિનું લક્ષણ નથી ?
   (A) માનવસર્જિતછે (B) પરિવર્તનશીલ છે (C) કાયદાઓ દ્વરા આમલમાં આવે છે (D) તે લાંબેગાળે સ્થિર છે
7. નીચેનામાંથી કયું આર્થિકપધ્ધતિનું લક્ષણ છે ?
   (A) માનવસર્જિત (B) સાધનોની ફાળવણી (C) મહત્તમ સામાજીક સુખાકારી (D) ઉપરનાં તમામ
8. નીચેનામાંથી કયું આર્થિકપધ્ધતિનું કાર્ય નથી ?
   (A) ઉત્પાદનની વહેંચણી (B) કયાં ઉત્પાદન કરવું (C)જરૂરિયાતોનો અગત્યાનું ક્રમ નકકી કરવો. (D) માનવસર્જિત
9. નીચેનામાંથી કયું આર્થિકપધ્ધતિનું કાર્ય છે ?
   (A) ઉત્પાદનમાં કઇ ટેકનોલોજી અપનાવવી (B) પરિવર્તનશીલતા અને વિકાસક્ષમતા
   (C)ઉત્પાદનની વહેંચણી (D) ઉપરનાં તમામ
10. આર્થિકપધ્ધતિની સફળતા માપવાના નિર્દેશકો બીજા કયા નામે ઓળખાય છે ?
    (A) માપદંડો (B) કાર્યો (C)લક્ષણો (D)ધારણાઓ
11. 'ઇકોનોમિકસ સિસ્ટમ' પુસ્તકના લેખક કોણ છે ?
    (A) પ્રો.માર્શલ (B)પ્રો.જે.એસ.પ્રાબ્લા (C)પ્રો.ગ્રેગરી ગ્રેસામ (D)પ્રો.ડબલ્યુ. જે. લુકસ
12. 'The Hungarian Experince in Economic Planing' પુસ્તકના લેખક કોણ છે ?
    (A) પ્રો.ગ્રેગરી ગ્રેસામ (B) પ્રો.જે.એસ.પ્રાબ્લા (C)ડૉ. બેલા બેલાસા (D)પ્રો.ડબલ્યુ. જે. લુકસ
13. નીચેનામાંથી કયો આર્થિક પધ્ધતિનો માપદંડ નથી ?
    (A) સાપેક્ષ વિકાસ ક્ષમતા (B) આવકની ન્યાયી વહેંચણી (C) મૂલ્યના પ્રશ્નો (D)ઉત્પાદનનું પ્રમાણ
14. નીચેનામાંથી કઈ બાબત આર્થિક પધ્ધતિની સફળતાના માપદંડો સાથે સબંધિત છે ?
    (A) આર્થિક વિકાસ (B) ઉત્પાદનનું પ્રમાણ (C)આર્થિક સ્થિરતા (D) ઉપરનાં તમામ
15. જહોનસ્ટ્રેચીના મતે મૂડીવાદમાં ................... વિશ્વને ફરતું રાખે છે.
    (A) પ્રેમ (B)આવક (C)લાગણી (D)નફો
16. કોને મતે 'બુદ્ધિપૂર્વક અને પધ્ધતિસર નફો મેળવવાની વૃત્તિ એટલે મૂડીવાદ'.
    (A) મેકસ વેબર (B) જહોન સ્ટ્રેચી (C)પ્રો.ગ્રેગરી ગ્રેસામ (D) પ્રો.માર્શલ
17. કોને મતે 'મૂડીવાદ એ એક પ્રકારનું વિશિષ્ટ મળતર પ્રાપ્ત કરવાની ઉત્પાદનની રીત છે જેમાં ઉત્પાદનનાં બધાય સાધનો ખાનગી માલિકીનાં હોય છે.'
    (A) મેકસ વેબર (B)પ્રો.જહોન સ્ટ્રેચી (C)જી.ડી.એમ. કોલ (D) પ્રો.બેલા બેલાસા
18. નીચેનામાંથી કયું લક્ષણ મૂડીવાદને લાગું પડતું નથી ?
    (A) હરિફાઈની સંસ્થા (B) નફાનો હેતુ (C) ઉદ્યોગોની સામાજીક માલિકી (D)વારસા પ્રથા
19. નીચેનામાંથી કઇ બાબત મૂડીવાદ સાથેસબંધિત છે ?
    (A) ગ્રાહકોની સર્વોપરિતા (B) ધંધાની સ્વતંત્રતા (C) હરિફાઈ (D)ઉપરનાં તમામ
20. મૂડીવાદમાં અનેક ખરીદનાર અને વેચનાર હોવાથી .................. સર્જાય છે.
    (A) હરિફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરિફાઈ (D) અલ્પહસ્તક ઈજારો
21. નીચેનામાંથીકઈ બાબત મૂડીવાદ સાથે સુસંગત નથી ?
    (A) માલિક વર્ગ (B) મજૂર વર્ગ (C) કેન્દ્રીય આયોજન (D) આવકની અસમાનતા
22. મૂડીવાદને ટકાવી રાખવા નીચેનામાંથી કઇ બાબત અનિવાર્ય છે ?
    (A) ખાનગી મિલકત (B) વારસાપ્રથા (C) નફાનો હેતુ (D) ઉપરનાં તમામ
23. ઉત્પાદનનાસાધનોની વપરાશ અને ઉપયોગ અંગે વ્યકિતના સ્વંતત્ર અધિકાર હોય એટલે ................
    (A) ખાનગી મિલકતનો અધિકાર (B)સામુહિક માલિકી (C) કેન્દ્રીય આયોજન (D) ઉપરનાં તમામ
24. વ્યકિત ઓછામાં ઓછા ત્યાગ અથવા ખર્ચના બદલામાં વધુમાં વધુ સંતોષ પ્રાપ્ત થાય તેવું વર્તન કરે તેને.......
    (A) સામાજિક માનવી (B)પ્રામાણિક માનવી (C) આર્થિક માનવી (D) ઉપરનાં તમામ
25. 'મૂડીવાદનું અસ્તિત્વ ટકાવી રાખવા વારસાહક જરૂરી છે' આ વિધાન સાચું છે કે ખોટું ?
    (A) સાચું (B)ખોટું (C) અનિર્ણિત (D) ઉપરનામાંથી એકપણ નહીં

26. વ્યકિત આર્થિક નિર્ણયો લેવામાં સ્વતંત્રતા ધરાવતો હોય તેને શું કહીશું ?

(A) આર્થિક માનવી (B)વ્યકિતગત પહેલવૃત્તિને સ્વાતંત્ર્ય (C) સમાજવાદી પધ્ધતિ (D) ઉપરનાં તમામ

27. મૂડીવાદમાં કોણ બજારના રાજા તરીકે ઓળખાય છે ?

(A) ગ્રાહક (B)વેપારી (C) સરકાર (D)ઉત્પાદક

28. નીચેનામાંથી કઇ મૂડીવાદની મુખ્ય મર્યાદા છે ?

(A) ઝડપી આર્થિક વિકાસ (B) આર્થિક સ્વતંત્રતા (C) પરિવર્તનશીલતા (D) આવકની અન્યાયી વહેંચણી

29. નીચેનામાંથી કયો મૂડીવાદનો લાભ નથી ?

(A) નિયોજન શકિતનો વિકાસ (B) ટેકનિકલ પ્રગતિ (C) સ્વતંત્રતા (D) ઈજારાશાહી

30. નીચેનામાંથી કઇ બાબત મૂડીવાદના લાભ સાથે સબંધિત છે ?

(A) ટેકનિકલ પ્રગતિ (B) સ્વયં સંચાલન (C) નિયોજન શકિતનો વિકાસ (D) ઉપરનાં તમામ

31. નીચેનામાંથી કઇ બાબત મૂડીવાદના ગેરલાભ સાથે સબંધિત છે ?

(A) આર્થિક અસ્થિરતા (B) નિયોજનશકિતનો વિકાસ (C) ઝડપી વિકાસ (D) સ્વયં સંચાલન

32. નીચેનામાંથી કઇ બાબત મૂડીવાદના ગેરલાભ સાથે સબંધિત છે ?

(A) આર્થિક અસ્થિરતા (B) આવકની અસમાનતા (C) ઈજારાશાહી (D)ઉપરના તમામ

33. વર્તમાનમાં કયા પ્રકારનો મૂડીવાદ જોવા મળે છે ?

(A) નિયંત્રિત મૂડીવાદ (B) શુદ્ધ મૂડીવાદ (C) A અને B બન્ને (D) ઉપરનામાંથી એકપણ નહીં

34. 1926 માં ઇટાલીમાં મુસોલીને કઈ પધ્ધતિ દાખલ કરી ?

(A) નાઝીવાદ (B) ફાસીવાદ (C) સમાજવાદી (D)સામ્યવાદી

35. જર્મનીએ કયા વર્ષે નિયંત્રિત મૂડીવાદની શરૂઆત કરી હતી ?

(A) 1932 (B)1910 (C) 1919 (D)1915

36. નીચેનામાંથી કઇ બાબત નિયંત્રિત મૂડીવાદના લક્ષણ સાથે સબંધિત છે ?

(A) સંપૂર્ણ આર્થિક સ્વતંત્રતા (B) ઉદ્યોગો પર રાજયનું નિયંત્રણ

(C) સ્વયં સંચાલન (D) ઉપરનામાંથી એક પણ નહીં

37. બેરોજગારી ભથ્થું, વિધવા સહાય, મફત અનાજ વિતરણ, મકાન બાંધકામ સહાય, સબસીડી વગેરે.......ના ઉદાહરણ છે.

(A) રાજકીય સલામતી (B)સાંસ્કૃતિક સલામતી

(C) સામાજીક સલામતીની યોજનાઓ (D) ઉપરનામાંથી એક પણ નહીં

38. કોણગાંધીજીના આર્થિક વિચારોને ‘વિચારધારા’ તરીકે ઓળખાવે છે ?

(A) એમ.એલ.દાંતવાલા (B) શ્રીમન્નારાયણ (C) શ્રી બિપીન બિહારી (D)જે. સી. કુમારપ્પા

39. શ્રી મન્નારાયણ ગાંધીજીના આર્થિક વિચારોને ....................તરીકે ઓળખાવે છે.

(A) ગાંધીવાદી અર્થશાસ્ત્ર (B)ગાંધીવાદ

(C) ગાંધીવાદી આર્થિક તત્વજ્ઞાન (D)જીવન તરફનો એક પ્રકારનો દ્રષ્ટિકોણ

40. નીચેનામાંથી કયું ગાંધીજીના વિચારોનું લક્ષણ નથી ?

(A) આર્થિક માનવી (B) નીતિપ્રધાન માનવી (C) આર્થિક સ્વતંત્રતા (D) નૈતિકતા

41. નીચેનામાંથી કઈ બાબત ગાંધીજીના આર્થિક વિચારોને સાથે સુસંગત નથી ?

(A) વિકેન્દ્રીકરણ (B) અહિંસક અર્થવ્યવસ્થા (C) કેન્દ્રીકરણ (D) આર્થિક સ્વતંત્રતા

42. નીચેનામાંથી કઈ બાબત ગાંધીજીના આર્થિક વિચારો સાથે સબંધિત છે ?

(A) વિકેન્દ્રીકરણ (B) નીતિપ્રધાન માનવી (C) જરૂરિયાતોની વૃદ્ધિ પર અંકુશ (D) ઉપરનાં તમામ

43. ગાંધીજીના મતે આર્થિક બાબતોમાં માનવી કેવો હોવો જોઇએ ?

(A) રાજકીય (B) ધાર્મિક (C) સ્વતંત્ર (D)સાંસ્કૃતિક

44. ગાંધીજી નીચેનામાંથી કઇ બાબત પર ભાર મૂકતાં હતાં?

(A) કેન્દ્રીકરણ (B) વિકેન્દ્રીકરણ (C) સામાજીકરણ (D) રાષ્ટ્રીયકરણ

45. ગાંધીજી શાના વિરોધી હતાં ?

(A) યંત્રોની ઘેલછા (B) યંત્રોના વપરાશ (C) ઉદ્યોગોના (D)શહેરીકરણના

46. ગાંધીજી નીચેનામાંથી કઇ બાબત પર ભાર મૂકતાં હતાં ?

(A) સ્વદેશી અને સ્વાવલંબન (B) યંત્રોની વપરાશમાં વધારો કરવો

(C) કેન્દ્રીકરણ (D) ઉપરનામાંથી એક પણ નહીં

47. યંત્રોની બાબતમાં ગાંધીજીના વિચારો શું હતાં ?

(A) શકય હોય ત્યાં સુધી યંત્રોને અવગણવા (B) શ્રમની વેઠમાંથી બચવા યંત્રોનો ઉપયોગ

(C) મોટા ઉદ્યોગોમાં યંત્રોનો સ્વીકાર (D) ઉપરનાં તમામ

48. ગાંધીજીએ ટ્રસ્ટીશીપના સિધ્ધાંતનું માર્ગદર્શન કયા ઉપનિષદના શ્ર્લોકમાંથી મેળવ્યું છે ?

(A) તૈતરીય ઉપનિષદ (B) કઠોપનિષદ (C) ઇશોપનિષદ (D) મનૃસ્મૃતિ

49. ગાંધીજીએ ગામડાંઓના વિકાસ અને સ્વાવલંબીત ગામડાંઓ માટે ............. પર ભાર મૂકયો હતો.

(A) મોટા ઉદ્યોગો (B) ગૃહ ઉદ્યોગો (C) મૂડીવાદ (D) ખેતીપર

50. ગાંધીવાદી આયોજનમાં પાયાનું ઘટક કયું હતું ?

(A) શહેર (B) જીલ્લો (C) રાજય (D)ગામડું